ક્રમાંક: એફડબલ્યુએ-૨૦૦૭-૧૧૭૫ (૪૨) જ.૧

ગુજરાત સરકાર
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને
કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
તારીખ: ૦૩/૦૮/૦૭

ખાસ ફરજ પરના અધિકારી
(જળસંપત્તિ)

પ્રતિ
અધિક્ષક ઈજનેરશ્રી (સર્વે)

વિષય: રાજયમાં ૨૦૦૭ના જુલાઈ માસમાં થયેલ ભારે વરસાદને કારણે જળસંપત્તિ વિભાગની સિંચાઈ યોજનાઓ, ચેક ડેમો અને કાંસ યોજનાઓનું નુકસાનનું મરામત કરવા બાબત

વર્ષ-૨૦૦૭ના જુલાઈ માસમાં થયેલ ભારે વરસાદને કારણે જળસંપત્તિ વિભાગની સિંચાઈ યોજનાઓ, ચેક ડેમો અને કાંસ યોજનાઓને થયેલ હંગામી નુકસાનનુ મરામત કામ CRF ગ્રાંટ હેઠળની નવી માર્ગદર્શિકા મુજબ ૩૦ દિવસમાં પુર્ણ કરવાનું થાય છે. જેથી કરીને CRF ગ્રાંટ હેઠળ મળેલ ફંડનો સમયસર ઉપયોગ થઈ શકે અને મરામત થયેલ કામોની ચાલુ ચોમાસા દરમ્યાન ઉપયોગિતા સચવાઈ રહે. જળસંપત્તિ વિભાગમાં આ પ્રકારના કામો કરવાની પ્રવર્તમાન પદ્ધતિથી CRF ફંડ હેઠળ હાથ ધરવાની નવી માર્ગદર્શિકા મુજબના ખૂબ જ ટુંકા સમય ગાળામાં કામો પુર્ણ કરી શકાય તેમ ન હોઈ, આ કામો CRF ની માર્ગદર્શિકા મુજબના સમયગાળા પુર્ણ કરવા માટે વિભાગમાં કામ કરવાની પ્રવર્તમાન પદ્ધતિમાં છુટછાટ આપવાની બાબત વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે ફક્ત CRF નોર્મ્સ હેઠળના તાકીદના મરામતના કામો પુર્ણ કરવા નવી માર્ગદર્શિકા મુજબની નવી સુચનાઓ આપવામાં આવે છે.

**કામ કરવાની નવી માર્ગદર્શિકા:**

૧. જળસંપત્તિ વિભાગના નહેર રોડ, બંધ સ્થળે જવાના રોડ, કોલોની રોડ, વગેરેના મરામત તથા સિંચાઈ કોલોનીના મકનોના મરામતની કામગીરી જે તે જીલ્લા માટે માર્ગ અને મકાન વિભાગ દ્વારા પ્રવર્તમાન **મંજુર થયેલ વાર્ષિક ભાવથી કરવાની રહેશે.**
૨. બંધનું મરામત કામ જેવું કે માટીકામ, ચણતર કામ, કોક્રીંટ કામ, પીચીંગ વગેરે કામો જે તે વર્તુળ ધ્વારા બેઝિક આઈટમના ભાવ માંગેલ હોય અને મંજુર કરેલ હોય તે દરથી પ્રથમ માન્ય મંડળી **અથવા બેકાર ઈજનેર દ્વારા કરાવવાના રહેશે.** માન્ય મંડળી અથવા બેકાર ઈજનેર આ કામો હાથ **ધરવા સહમત ન હોય તો ઠેકેદારની પાસે કરાવવાના રહેશે.**
૩. **જો વાર્ષિક દરો મંજુર ન હોય તો પ્રવર્તમાન** એસ.ઓ. આર. દરે માન્ય મંડળી, બેકાર ઈજનેર અથવા NGO મારફતે હાથ ધરવાના રહેશે.



079 / 2630 7298
S D. Patel
A.I.P.C.

૪. સરદાર પટેલ સહભાગી યોજના હેઠળના ચેક ડેમનું મરામત કામ મુળ પ્રાયોજક/સંસ્થા પાસે કરાવવા માટે પ્રવર્તમાન મંજુર કરેલા એસ. ઓ.આર.ના દરથી પ્રાથમિકતા આપવાની રહેશે. અને જો મુળ પ્રાયોજક/સંસ્થા આ કામો હાથ ધરવા સહમત ન થાય તો બેકાર ઈજનેર/મંડળીઓ અથવા NGO મારફત એસ. ઓ.આર.ના દરથી હાથ ધરવાના રહેશે.

૫. ચાલુ કામોમાં ભારે વરસાદથી નુકસાન થયેલ હોય તો આ કામો મંજુર કરેલ ભાવોથી જે તે ઠેકેદાર પાસે કામો કરાવવાના રહેશે.

ઉપર મુજબની વગર ટેન્ડરે કામ કરવાની માર્ગદર્શિકા મુજબની કામગીરી હાથ ધરવાની મંજુરી નીચેની શરતોને આધિન આપવામા આવે છે, જેનો ચુસ્ત અમલ કરવાનો રહેશે.

**કામ કરવાની શરતો:**

૧. CRF હેઠળ તાકિદના કરવાના થતાં કામો માટે ભારત સરકારના ગૃહ વિભાગના તારીખ ૨૭/૦૭/૨૦૦૭ના પત્રથી નિર્ધારિત કરવામાં આવેલ નોર્મ્સનો ચુસ્ત પણે પાલન કરવાનું રહેશે.

૨. આ પદ્ધતિ ફક્ત CRF ગ્રાંટ હેઠળના તાકીદના મરામતના કામો કે જે ૩૦ દિવસમાં જ પુર્ણ કરવાના થાય છે, તેવા કામો માટે જ અપનાવવાની રહેશે. કામોની અગ્રિમતા મુખ્ય ઈજનેર અને અધિક સચિવશ્રી કક્ષાએ નક્કી કરવાની રહેશે.

૩. CRF ફંડ માટે રજુ કરેલ અને મહેસુલ વિભાગે મંજુર કરેલ કામો માટે જ આ પદ્ધતિ અપનાવવાની રહેશે.

૪. CRF હેઠળ મંજુર થયેલ ગ્રાંટની મર્યાદામાં જ કામવાર ખર્ચ કરવાનો રહેશે.

૫. આ કામોની ગુણવત્તાની ચકાસણી વિભાગના પ્રવર્તમાન નિયમો ઉપરાંત તમામ કામો નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીએ ૧૦૦ % , કાર્યપાલક ઈજનેરશ્રીએ ૨૦ % અને અધિક્ષક ઈજનેરશ્રીએ તમામ કામો પૈકિ ૧૦ % કામોની ચકાસણી કરવાની રહેશે,

૬. સુચિત કામો માટે CRF સિવાય રાજય સરકાર હસ્તકના અન્ય ફંડમાથી ખર્ચ કરવામા આવશે નહિ તે મતલબનું પ્રમાણપત્ર સક્ષમ કક્ષાએથી આપવાનુ રહેશે.

૭. આ કામો મંજુર કરવાની સત્તા નીચે પ્રમાણે નક્કી કરવામા આવેલ છે.

| | | |
|---|---|---|
| a) | For individual Works costing up to Rs. 10 Lac (Ten Lacs) | Executive Engineer |
| b) | For individual Works costing up to Rs. 20 Lac (Twenty Lacs) | Superintending Engineer |
| c) | For individual Works costing up to Rs. 50 Lac (Fifty Lacs) | Chief Engineer |
| d) | For individual Works costing more than Rs. 50 Lac( More than fifty Lacs) | Principal Secretary (W.R.) |

૮. નુકસાન દર્શાવતા કામ શરૂ કર્યાના પહેલાના તથા કામ પુર્ણ થયા બાદના ફોટોગ્રાફ / વીડીઓગ્રાફી અચૂકપણે રજૂ કરવાના રહેશે

૯. કામો પુર્ણ થતાં CRF નોર્મ્સ પ્રમાણે આપવાનું થતુ યુટીલાઈઝેશન સર્ટિફીકેટ સક્ષમ કક્ષાએથી તુરત જ સરકારશ્રીમાં રજુ કરવાના રહેશે.

આ માર્ગદર્શિકા નાણાં વિભાગની તારીખ: ૨૭/૦૭/૨૦૦૭થી સરખા ક્રમાંકની ફાઈલ પર મળેલ મંજુરીને આધિન બહાર પાડેલ છે.

(બી.એસ. પટેલ)
ખાસ ફરજ પરના અધિકારી (જળસંપત્તિ)
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને
કલ્પસર વિભાગ

નકલ સાદર રવાના પ્રતિ:

- માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માનનીય મંત્રીશ્રીના (જળસંપત્તિ) ના અંગત સચિવશ્રીના સચિવાલય ગાંધીનગર
- માનનીય રાજય કક્ષાના મંત્રીશ્રી (જળસંપત્તિ) ના અંગત સચિવશ્રી, ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રી ના અંગત સચિવશ્રી, ગુજરાત રાજય, સચિવાલય ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી (નાણાં), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટંટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ
- અગ્રસચિવશ્રી (જળસંપત્તિ) ના અંગત સચિવશ્રી, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- ખાસ સચિવશ્રી (જળસંપત્તિ) ના અંગત સચિવશ્રી, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણાંકિય સલાહકારશ્રી, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય ઈજનેર અને અધિક સચિવશ્રી (સર્વે) નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- ખાસ ફરજ પરના અધિકારીશ્રી (સર્વે) / ઉપસચિવશ્રી (સર્વે), નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સીલેકટ ફાઈલ-જ.૧ શાખા